# વડોદરા મહાનગર પાલિકા

**www.vmc.gov.in**

## પેન્શનરો / ફે.પેન્શનરો ની હયાતીની ખાત્રી કરવા અંગે

વડોદરા મહાનગરપાલિકાના પેન્શનરો(ગેસ ખાતા સહના)ને જણાવવામાં આવે છે કે, સને ૨૦૨૪ ના વર્ષ માટે પેન્શનરો-ફેમીલી પેન્શનરોએ પોતાની હયાતીની ખાત્રી કરાવવા, પુન:લગ્ન નહિં કર્યા અંગે મ્યુની.કાઉન્સિલરશ્રી અથવા સરકારી ગેઝેટેડ અધિકારીશ્રીનુ પ્રમાણપત્ર રજુ કરવા, ફેમીલી પેન્શન મેળવતા વારસદાર પુત્ર-પુત્રી-માતા-પિતા તેમજ વિકલાંગોએ માસિક આવકનુ પ્રમાણપત્ર રજુ કરવા, પેન્શન નંબર, ઠરાવ સાથે હિસાબી શાખા (પેન્શન વિભાગ), ખંડેરાવ માર્કેટમાં તા.૦૧.૦૧.૨૦૨૪ થી ૩૧.૦૧.૨૦૨૪ સુધીમાં સંપર્ક કરવો. ચાલુ વર્ષે હયાતી અંગેની ખાતરી બાયોમેટ્રીક પધ્ધતીથી પણ કરવાની છે. જેથી પેન્શનર/ફે.પેન્શનરશ્રીઓએ તેમના બેંક પાસબુક તથા ઓળખના પુરાવા સાથે (ચુટણી કાર્ડ, આધાર કાર્ડ/ પાન કાર્ડ) આવવાનુ રહેશે. તથા જે પેન્શનરોએ બાયોમેટ્રીક કરાવવાનુ બાકી છે. તેવા તમામ પેન્શનરોએ પોતાનો આધાર કાર્ડ, પાન કાર્ડ, જન્મ તારીખનો પુરાવો (જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ, પાસપોર્ટ, સીવીલ સર્જનનુ સર્ટીફીકેટ) અચુક રજુ કરવાનુ રહેશે. આવક વેરા કાયદા મુજબ ટેક્ષનેપાત્ર પેન્શનરોએ તેમના પાનકાર્ડની નકલ તથા રોકાણોની વિગતો (પુરાવા સહ) હયાતી દરમ્યાન બીનચુક રજુ કરવાની રહેશે.

વડોદરા શહેર બહાર નિવાસ કરતા પેન્શનરો-ફેમીલી પેન્શનરોને પણ આથી સુચીત કરવામાં આવે છે કે, તેઓએ તેમની હયાતીની ખાત્રી હિસાબી શાખા પેન્શન વિભાગમાં સદર મુદતમાં કરાવી જવી.

તા.૦૧.૦૧.૨૦૨૪ થી ૩૧.૦૧.૨૦૨૪ દરમ્યાન હયાતીની ખાત્રી નહી કરાવનાર પેન્શનરો/ફેમીલી પેન્શનરોનુ પેન્શન ચુકવવા સંદર્ભે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી. હયાતી દરમ્યાન આવનાર પેન્શનરો / ફેમીલી પેન્શનરશ્રીઓ હાલની કોવિડ પરિસ્થિતિને ધ્યાને લઈ સરકારશ્રીના સુચનોનો (ગાઈડલાઈન્સ) સંપૂર્ણ અમલ કરવાનો રેહશે.

સહી. દિલીપ રાણા (આઈ.એ.એસ)

પી.આર.ઓ.નં.૧૨૪૫/૨૩-૨૪ મ્યુનિસિપલ કમિશનર